ગુજરાત યુનિવર્સિટીમાં કુલપતિ ડો. હિમાંશુ પંડ્યાની ઉપસ્થિતિમાં NSS સલાહકાર સમિતિની બેઠક મળી હતી આ બેઠકમાં સલાહકાર સમિતિના સભ્યો, રાજ્ય સરકારના અધિકારીશ્રીઓ, પૂર્વ ઉપકલપતિ ડો. જગદીશ ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા. આઝાદીના અમૃતપર્વ અંતર્ગત કરવાના કાર્યક્રમોની વિચારણા હાથ ધરવામાં આવી હતી. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારેએન.એસ.એસ પ્રવૃત્તિ માટેની કોલેજોને અપાતી ગ્રાન્ટમાં કરેલ વધારાની સરાહના કરીને ધન્યવાદ પ્રસ્તાવ મોકલવાનું નક્કી કરાયું હતું. આત્મનિર્ભર ભારતના સંકલ્પને, વિકસિત ભારત બનાવવાના સંકલ્પને સાર્થક કરતી પ્રવૃત્તિ હાથધરવા ચર્ચા કરાઇ હતી. એન.એસ.એસના સેવાભાવી કો-ઓર્ડીનેટર ડો. નટુભાઇ વર્માએ એન.એસ.એસ.ની પ્રવૃત્તિઓનો ચિતાર રજૂ કર્યો હતો.



